**મહેરબાન ઓલપાડના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડી.**
**ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

ક્રિમીનલ કેસ નંબર ૩૭૩૨/૨૦૨૫

આંક–

ફરીયાદ : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : ગોમીબેન રમેશભાઈ રાઠોડ
રહેઃઅસનાડ ગામ, તા.ઓલપાડ, જી.સુરત

**<u>ગુનો– પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(એ) મુજબ.</u>**

**<u>–: ઠરાવ:–</u>**

(૧) આ કામના ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો કરેલ હોય પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ રજુ કરેલ છે. આ કામના આરોપી અદાલત સમક્ષ હાજર થતા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવી

(૨) આ કામના આરોપી સામે તેઓની સામેના ગુના અન્વયે તહોમતનામુ ફરમાવવામા આવેલ જે અન્વયે આરોપીએ અલગથી ગુના કબુલાત પુરસીસ રજુ કરી ગુનો કબુલ કરતા હોવાનુ જણાવતા આરોપીની પ્લી રેકર્ડ કરવામા આવેલ અને જે આરોપીને વાંચી સંભળાવી સમજાવતા જવાબ લેવામાં આવેલ જેમા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી ઉપરોક્ત ગુનો આરોપી કબુલ કરશે તો ગુનાની સજા અંગે આરોપીને જણાવવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ રાખતા હોય કબુલાત પુરસીસ રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીની રજુઆત છે કે, તેઓનો આ પ્રથમ ગુનો છે. આ ગુનો કરવાનો તેમનો કોઈ ઈરાદો ન હતો અને ભવિષ્યમા ગુનો કરશે નહી તેવી ખાત્રી આપે છે.

(૩) વધુમાં નામદાર ગુજરાત વડી અદાલત ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરિચંન્દ્રજી ઠાકોરના ચુકાદાના

પ્રસ્થાપિત સિધ્ધાંત વંચાણે લેવામા આવે તો કોર્ટને એવુ જણાય કે કોર્ટને ઓછામાં ઓછી સજા કરતી વખતે આરોપીની પરિસ્થિતિ, આરોપીનો ગુનો તેમજ અન્ય સંજોગોનો વિચાર કરવો જોઈએ ત્યારે આ અંગે યોગ્ય નિર્ણય લઈ કોર્ટ ઓછામાં ઓછી સજા કરી શકે. સદર ગુનાની જોગવાઈ તેમજ આરોપી ધ્વારા સ્વેચ્છાએ કબુલાત કરવા માંગતા હોય આરોપી સામેના ગુના અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને **બી. એન. એસ. એસ. કલમ–૨૭૧ (૨)** અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના ગુન્હા સબબ દોષીત ઠરાવી રૂા.૨૦૦ (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડની રકમ ભરવામા કસુર કરે તો તે બદલ દિન-૨ ની સાદી કેદની સજા ભગવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ કાયમી લોક અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૮/૦૪/૨૦૨૬

સ્થળઃ ઓલપાડ.

**( શ્રીમતી નયનાબેન દિવાકર શર્મા)**
**પ્રિન્સીપાલ સીની.સીવીલ જજ અને**
**એડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ**
**કોડ નં.જીજે–૦૦૫૫૫**
**(સ્પે.સીટીંગ)**

Receipt No. ____________
Fine Rs.200/- (Rupees : Two Hundred Only)
Dt. 18/04/2026
Nazir
Civil Court, Olpad.